# એકમલક્ષી અર્થશાસ્ત્ર (CC-101)

## PAPER 1

1. સંપત્તિનું શાસ્ત્ર એટલે અર્થશાસ્ત્ર - આ વ્યાખ્યા નીચેના પૈકી કોણે આપી છે ?
   (અ) રોબિન્સ (બ) એડમ સ્મિથ (ક) માર્શલ (ડ) કેઈન્સ
2. સાધનોની અછતને ધ્યાનમાં લઈ નીચેનામાંથી કોણે અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપી છે ?
   (અ) રોબિન્સ (બ) પિગુ (ક) એડમ સ્મિથ (ડ) માર્શલ
3. કલ્યાણને ધ્યાનમાં લઈ અર્થશાસ્ત્રની વ્યાખ્યા નીચેના પૈકી કયા અર્થશાસ્ત્રીએ આપી છે ?
   (અ) માર્શલ (બ) કેઈન્સ (ક) એડમ સ્મિથ (ડ) રોબિન્સ
4. નીચેનામાંથી કોનો અર્થશાસ્ત્રની અભ્યાસપદ્ધતિઓમાં સમાવેશ થાય છે ?
   (અ) નિગમન પદ્ધતિ (બ) વ્યાપ્તિ પદ્ધતિ.
   (ક) નિગમન અને વ્યાપ્તિ પદ્ધતિ (ડ) એકપણ નહિ.
5. એડમ સ્મિથે આપેલ અર્થશાસ્ત્રની વ્યાખ્યા મુજબની સંપત્તિના કયા સ્વરૂપને ધ્યાન પર લેવામાં આવ્યું નથી ?
   (અ) ભૌતિક (બ) અભૌતિક
   (ક) ભૌતિક અને અભૌતિક (ડ) ઉપરના બધાજ
6. અર્થશાસ્ત્ર એ ____________ છે.
   (અ) ભૌતિક વિજ્ઞાન (બ) ભાષા વિજ્ઞાન
   (ક) સમાજ વિજ્ઞાન (ડ) રસાયણ વિજ્ઞાન
7. કયા અર્થશાસ્ત્રીએ આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યામાં રાષ્ટ્રોની સંપત્તિ ઉપર વધુ ભાર મૂકાયો છે ?
   (અ) એડમ સ્મિથ (બ) માર્શલ
   (ક) પિગુ (ડ) સેમ્યુલસન
8. અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપતી વખતે નીચેનામાંથી કોણે અભૌતિક સંપત્તિને ધ્યાનમાં લીધી નથી ?
   (અ) એડમ સ્મિથ (બ) માર્શલ
   (ક) રોબિન્સ (ડ) અ અને બ બંને

Scanned with CamScanner

9. માનવ જરૂરિયાતો ........ હોય છે.

(અ) અમર્યાદિત (બ) મર્યાદિત

(ક) અમર્યાદિત કે મર્યાદિત (ડ) ઉપરના બધાજ

10. જરૂરિયાતની સાપેક્ષ તેને સંતોષવાના સાધનો ........ હોય છે.

(અ) અમર્યાદિત (બ) મર્યાદિત

(ક) જરૂરિયાતના સપ્રમાણ (ડ) ઉપરના બધાજ

11. અર્થશાસ્ત્ર એ સ્વરૂપની દષ્ટિએ ________ છે.

(અ) વાસ્તવિક વિજ્ઞાન (બ) આદર્શલક્ષી વિજ્ઞાન

(ક) કલા (ડ) ઉપરના બધાજ

12. અર્થશાસ્ત્રમાં જ્યારે આર્થિક સિદ્ધાંતની ચર્ચા થાય છે ત્યારે ________ છે.

(અ) વાસ્તવલક્ષી વિજ્ઞાન (બ) નીતિપ્રધાન વિજ્ઞાન

(ક) કલા (ડ) ફક્ત અ અને બ

13. અર્થશાસ્ત્રમાં જ્યારે કોઈ મુદ્દાના કારણ–પરિણામની ચર્ચા કે સમજૂતી અપાય છે ત્યારે તે ________ નો ભાગ બને છે.

(અ) વાસ્તવલક્ષી વિજ્ઞાન (બ) નીતિપ્રધાન વિજ્ઞાન

(ક) કલા (ડ) અ અને ક

14. અર્થશાસ્ત્ર જ્યારે કોઈ આર્થિક પ્રશ્નોના ઉકેલો અંગે નીતિ સૂચવે છે ત્યારે તે ________ નો ભાગ બને છે.

(અ) વાસ્તવિક વિજ્ઞાન (બ) આદર્શલક્ષી વિજ્ઞાન

(ક) કલા (ડ) ઉપરના બધાજ

15. અર્થશાસ્ત્રમાં જ્યારે " શું હોવું જોઈએ " એ મુદ્દા વિશે ચર્ચા થાય છે ત્યારે તે ________ નો ભાગ બને છે.

(અ) આદર્શલક્ષી વિજ્ઞાન (બ) વાસ્તવલક્ષી વિજ્ઞાન

(ક) કલા (ડ) સમાજશાસ્ત્ર

16. અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં નીચેનામાંથી કયા મુદ્દાઓનો સમાવેશ થાય છે ?

(અ) વપરાશ (બ) ઉત્પાદન (ક) વહેંચણી (ડ) ઉપરના બધાજ



Scanned with CamScanner

17. અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્ર સંબંધિત આધુનિક અભિગમ મુજબ અર્થશાસ્ત્રને વિભાગોમાં વહેંચવામાં આવે છે.

(અ) આંતરિક અને આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્ર

(બ) ખાનગી અને જાહેર અર્થશાસ્ત્ર

(ક) રાષ્ટ્રીય અને પ્રાદેશિક અર્થશાસ્ત્ર

(ડ) એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર

18. અર્થશાસ્ત્રના અભ્યાસ માટે નિગમન પદ્ધતિમાં________ બાબત સિધ્ધ કરવામાં આવે છે.

(અ) સામાન્યને આધારે આંશિક (બ) સામાન્યને આધારે સમગ્ર

(ક) આંશિકને આધારે સામાન્ય (ડ) આંશિકને આધારે સમગ્ર

19. અર્થશાસ્ત્રના અભ્યાસ માટે વ્યાપ્તિ પદ્ધતિમાં________ બાબત સિધ્ધ કરવામાં આવે છે.

(અ) સામાન્યને આધારે આંશિક (બ) સામાન્યને આધારે સમગ્ર

(ક) આંશિકને આધારે સમગ્ર (ડ) આંશિકને આધારે સામાન્ય

20. પસંદગીની સમસ્યા ઉદભવવા માટે નીચેનામાંથી કયા કારણો જવાબદાર છે ?

(અ) અમર્યાદિત જરૂરિયાતો અને મર્યાદિત સાધનો

(બ) જરૂરિયાતોની અગત્યતાની કક્ષા જુદી જુદી હોવી

(ક) વૈકલ્પિક ઉપયોગ ધરાવતા સાધનો

(ડ) ઉપરના બધાજ

21. નીચેનામાંથી કયું ઉત્પાદનનું સાધન નથી ?

(અ) કાપડ (બ) શ્રમ (ક) મૂડી (ડ) જમીન

22. જરૂરિયાતો સંદર્ભે કયું વિધાન સાચું છે ?

(અ) અમર્યાદિત છે.

(બ) અગત્યતાની કક્ષા અલગ અલગ છે.

(ક) કોઈ એક જરૂરિયાતને પૂર્ણપણે સંતોષી શકાય છે.

(ડ) ઉપરના બધાજ

23. અર્થશાસ્ત્રની ધારણાઓને મુખ્યત્વે________ વિભાગમાં વહેંચી શકાય.

(અ) એક (બ) બે (ક) ત્રણ (ડ) ચાર

Scanned with CamScanner

24. નીચેનામાંથી કોનો અર્થશાસ્ત્રની માન્યતાની ધારણાઓમાં સમાવેશ થાય છે ?

(અ) માનસશાસ્ત્રીય અનુમાનો | (બ) તાંત્રિક અનુમાનો
(ક) સંસ્થાકીય અનુમાનો | (ડ) ઉપરના બધાજ

25. નીચેના પૈકી કયું માનસશાસ્ત્રીય અનુમાન છે ?

(અ) સાધનોની અછતની ધારણા | (બ) મુક્ત બજારનું અસ્તિત્વ છે
(ક) તર્કબદ્ધ વર્તન | (ડ) અર્થતંત્રમાં સમતુલાની પરિસ્થિતિ અસ્તિત્વ ધરાવે છે.

26. નીચેના પૈકી કઈ ધારણા સંસ્થાકીય ધારણાઓના ભાગરૂપ છે ?

(અ) ગ્રાહકની સર્વોપરિતા છે | (બ) ઉત્પાદક નફાના હેતુ ધરાવે છે
(ક) મુક્ત બજાર વ્યવસ્થા છે | (ડ) ઉપરની બધીજ

27. નીચેના પૈકી કોનો સમાવેશ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં થતો નથી ?

(અ) આવક અને રોજગારીનો સિદ્ધાંત | (બ) આર્થિક વૃદ્ધિ
(ક) વપરાશના સિદ્ધાંત | (ડ) ગ્રાહકનું આર્થિક વર્તન

28. નીચેનામાંથી કોનો એકમલક્ષી અર્થશાસ્ત્રમાં સમાવેશ થાય છે ?

(અ) માંગનો નિયમ | (બ) ઉત્પાદનના નિયમો
(ક) લેણદેણની તુલા | (ડ) અ અને બ

29. નીચેનામાંથી કયો મુદ્દો રોબિન્સની વ્યાખ્યા સાથે બંધબેસતો નથી ?

(અ) અમર્યાદિત માનવ જરૂરિયાતો | (બ) વૈકલ્પિક ઉપયોગ ધરાવતા સાધનો
(ક) મર્યાદિત સાધનો | (ડ) વૃદ્ધિ અને વિકાસનો અભિગમ

## પ્રકરણ : ૨

30. માંગનો નિયમ એ કિંમત અને માંગ વચ્ચે ____________ સંબંધ દર્શાવે છે.

(અ) સમ (બ) વ્યસ્ત (ક) સપ્રમાણ (ડ) સમ અને વ્યસ્ત

31. માંગનો નિયમ નીચેનામાંથી કોની વચ્ચેનો સંબંધ દર્શાવે છે ?

(અ) માંગ અને કિંમત | (બ) કિંમત અને માંગ
(ક) માંગ અને કિંમત તેમજ કિંમત અને માંગ | (ડ) ઉપરના બધાજ



Scanned with CamScanner

32. માંગનું વિસ્તરણ અને સંકોચન એ કોના ફેરફાર સાથે સંકળાયેલું છે ?

(અ) કિંમતના
(બ) કિંમત સિવાયના અન્ય પરિબળો
(ક) કિંમત તેમજ કિંમત સિવાયના અન્ય પરિબળો
(ડ) ઉપરના બધા જ

33. માંગના વિસ્તરણ અને સંકોચનને ________ દ્વારા દર્શાવી શકાય છે.

(અ) એક જ માંગરેખા દ્વારા
(બ) અલગ અલગ માંગરેખા દ્વારા
(ક) એક અથવા અલગ અલગ માંગરેખા દ્વારા
(ડ) ઉપરના માંથી એકપણ નહિં.

34. માંગના વધારા–ઘટાડાને દર્શાવવા ________ નો ઉપયોગ થાય.

(અ) એક જ માંગરેખા
(બ) અલગ અલગ માંગરેખા
(ક) એકજ તેમજ અલગ અલગ માંગરેખા
(ડ) ઉપરના બધાજ

35. માંગના વધારો–ઘટાડો એ ________ ના ફેરફાર સાથે સંકળાયેલો છે.

(અ) કિંમત સિવાયના અન્ય પરિબળો
(બ) કિંમત
(ક) અ અને બ બંને
(ડ) ઉપરના બધાજ

36. પુરવઠાનો નિયમ એ કિંમત અને પુરવઠા વચ્ચે ________ સંબંધ દર્શાવે છે.

(અ) સમ
(બ) વ્યસ્ત
(ક) સમ અને વ્યસ્ત
(ડ) ઉપરના બધાજ

37. પુરવઠાનો નિયમ એ ________ વચ્ચેનો સંબંધ દર્શાવે છે.

(અ) કિંમત અને પુરવઠા
(બ) કિંમત અને માંગ
(ક) પુરવઠા અને કિંમત
(ડ) માંગ અને પુરવઠા

38. પુરવઠાનું વિસ્તરણ અને સંકોચન ________ ના ફેરફાર સાથે સંકળાયેલું છે.

(અ) કિંમત
(બ) કિંમત સિવાયના અન્ય પરિબળો
(ક) માંગ
(ડ) માંગ અને પુરવઠા

39. પુરવઠાના વિસ્તરણ અને સંકોચનને ________ દ્વારા દર્શાવી શકાય છે.

(અ) એક જ પુરવઠારેખા દ્વારા
(બ) અલગ અલગ પુરવઠારેખા દ્વારા
(ક) માંગ અને પુરવઠારેખા દ્વારા
(ડ) એક જ તેમજ અલગ અલગ પુરવઠારેખા દ્વારા

40. પુરવઠાના વધારા–ઘટાડાને દર્શાવવા ________ નો ઉપયોગ થાય છે.

(અ) એક જ પુરવઠારેખા
(બ) ભિન્ન પુરવઠારેખાઓ
(ક) માંગ અને પુરવઠારેખાનો
(ડ) એક જ તેમજ ભિન્ન પુરવઠારેખાનો

Scanned with CamScanner

41. અન્ય પરિબળો સ્થિર રહે અને કિંમત વધે તો માંગ ______.

(અ) વધશે (બ) ઘટશે (ક) સ્થિર રહેશે (ડ) સંકોચન પામશે

42. માંગ વધે તો કિંમત ______.

(અ) ઘટશે (બ) વધશે (ક) ઘટશે અથવા વધશે (ડ) સ્થિર રહેશે

43. આવક વધતાં માંગમાં/નું ______ થશે.

(અ) વિસ્તરણ (બ) સંકોચન (ક) વધારો (ડ) ઘટાડો

44. કિંમત વધતાં માંગમાં ______ થશે.

(અ) વધારો (બ) ઘટાડો (ક) સંકોચન (ડ) વિસ્તરણ

45. પુરવઠો વધે તો કિંમત ______.

(અ) ઘટશે (બ) વધશે (ક) સ્થિર રહેશે (ડ) ઘટશે અથવા વધશે

46. કરવેરામાં વધારો થતાં પુરવઠામાં/નું ______ થશે.

(અ) વિસ્તરણ (બ) સંકોચન (ક) વધારો (ડ) ઘટાડો

47. માંગ એટલે કોઈ એક કિંમતે, સ્થળે અને સમયે વસ્તુ ખરીદવાની ______.

(અ) ઇચ્છા (બ) શક્તિ (ક) તૈયારી (ડ) ઉપરના બધાંજ

48. પુરવઠો એ જથ્થાના/થી ______ હોય.

(અ) ઓછો (બ) વધારે (ક) બરાબર (ડ) ઓછો કે બરાબર

49. માંગના નિયમની સ્પષ્ટ અને અસરકારક રજૂઆત ______ નામના અર્થશાસ્ત્રીએ કરી.

(અ) માર્શલ (બ) પિગુ (ક) કેઈન્સ (ડ) એડમ સ્મિથ

50. પુરવઠાના નિયમની સ્પષ્ટ અને અસરકારક રજૂઆત ______ નામના અર્થશાસ્ત્રીએ કરી.

(અ) રિકાર્ડો (બ) માલ્થસ (ક) માર્શલ (ડ) એડમ સ્મિથ

51. 'છત' એટલે ______.

(અ) માંગ કરતાં પુરવઠો વધારે (બ) પુરવઠા કરતાં માંગ વધારે

(ક) માંગ = પુરવઠો (ડ) ઉપરનામાંથી એકપણ નહિં.

52. 'અછત' એટલે ______.

(અ) માંગ કરતાં પુરવઠો વધારે (બ) પુરવઠા કરતાં માંગ વધારે

(ક) પુરવઠા = માંગ (ડ) ઉપરના બધાજ



Scanned with CamScanner

53. ગુણવત્તાની દૃષ્ટિએ હલકી વસ્તુની માંગ કિંમત ઘટતાં ..........

(અ) વધશે (બ) સંકોચન પામશે (ક) ઘટશે (ડ) વધશે કે ઘટશે

54. શ્રમની કિંમત વધતાં શ્રમનો પુરવઠો ..........

(અ) વધશે (બ) સંકોચન પામશે (ક) સ્થિર રહેશે (ડ) વધશે કે ઘટશે

55. માંગ નીચેના પૈકી કોની સાથે સંબંધ ધરાવે છે ?

(અ) પુરવઠો (બ) ખર્ચ (ક) ઉત્પાદન (ડ) કિંમત

56. પુરવઠો નીચેના પૈકી કોની સાથે સંબંધ ધરાવે છે ?

(અ) ખર્ચ (બ) ઉત્પાદન (ક) કિંમત (ડ) ઉપરના બધાજ

57. માંગનું સંકોચન નીચેનામાંથી કઈ પરિસ્થિતિમાં થાય છે ?

(અ) કિંમત વધે અને માંગ ઘટે (બ) કિંમત વધે અને માંગ વધે

(ક) કિંમત સ્થિર રહે અને માંગ ઘટે (ડ) કિંમત ઘટે અને માંગ સ્થિર રહે

58. માંગરેખા સામાન્ય રીતે .......... છે.

(અ) ઋણ ઢાળ ધરાવે (બ) ધન ઢાળ ધરાવે

(ક) નીચલી ધરીને સમાંતર (ડ) ઊભી ધરીને સમાંતર

59. પુરવઠારેખા સામાન્ય રીતે __________ છે.

(અ) ઋણ ઢાળ ધરાવે (બ) ધન ઢાળ ધરાવે

(ક) નીચલી ધરીને સમાંતર (ડ) ઊભી ધરીને સમાંતર

60. માંગનો વધારો નીચેનામાંથી કઈ પરિસ્થિતિમાં થાય છે ?

(અ) કિંમત વધે અને માંગ ઘટે (બ) કિંમત વધે અને માંગ વધે

(ક) કિંમત સ્થિર અને માંગ વધે (ડ) કિંમત સ્થિર અને માંગ ઘટે

61. પુરવઠાનો ઘટાડો નીચેનામાંથી કઈ પરિસ્થિતિમાં થાય છે ?

(અ) કિંમત વધે અને પુરવઠો વધે (બ) કિંમત ઘટે અને પુરવઠો ઘટે

(ક) કિંમત સ્થિર રહે અને પુરવઠો ઘટે (ડ) ઉપરના બધાજ

62. પુરવઠાનું સંકોચન નીચેનામાંથી કઈ પરિસ્થિતિમાં થાય છે ?

(અ) કિંમત વધે અને પુરવઠો ઘટે (બ) કિંમત ઘટે અને પુરવઠો ઘટે

(ક) કિંમત સ્થિર રહે અને પુરવઠો ઘટે (ડ) માંગ વધે અને પુરવઠો ઘટે

Scanned with CamScanner

63. પુરવઠાનું વિસ્તરણ નીચેનામાંથી કઈ પરિસ્થિતિમાં થાય છે ?

(અ) કિંમત વધે અને પુરવઠો વધે
(બ) કિંમત સ્થિર રહે અને પુરવઠો વધે
(ક) કિંમત વધે અને પુરવઠો સ્થિર રહે
(ડ) કિંમત વધે અને પુરવઠો સ્થિર રહે

64. પુરવઠાનો વધારો ________ ત્યારે થાય છે.

(અ) કિંમત વધે અને પુરવઠો વધે
(બ) કિંમત સ્થિર રહે અને પુરવઠો વધે
(ક) કિંમત ઘટે અને પુરવઠો વધે
(ડ) ઉપરના બધાજ

65. માંગનો ઘટાડો ________ ત્યારે થાય છે.

(અ) કિંમત વધે અને માંગ ઘટે
(બ) કિંમત સ્થિર રહે અને માંગ ઘટે
(ક) કિંમત વધે અને માંગ વધે
(ડ) કિંમત સ્થિર રહે અને માંગ વધે

66. માંગનું વિસ્તરણ નીચેનામાંથી કઈ પરિસ્થિતિમાં થાય છે ?

(અ) કિંમત વધે અને માંગ ઘટે
(બ) કિંમત ઘટે અને માંગ વધે
(ક) કિંમત સ્થિર રહે અને માંગ વધે
(ડ) માંગ વધે અને કિંમત ઘટે

67. ગિફન વસ્તુ (ગુણવત્તાની દષ્ટિએ હલકી વસ્તુ)માં કિંમત વધતાં માંગ ______ છે.

(અ) વિસ્તરણ પામે
(બ) ઘટે
(ક) વધે
(ડ) સંકોચન પામે

68. માંગનો નિયમ નીચેનામાંથી કઈ વસ્તુની માંગને લાગુ પડતો નથી ?

(અ) ગિફન વસ્તુ
(બ) પ્રતિષ્ઠા મૂલ્યવાળી વસ્તુ
(ક) અત્યંત સસ્તી વસ્તુ
(ડ) ઉપરના બધાજ

69. નીચેનામાંથી કઈ માંગના નિયમની ધારણા નથી ?

(અ) આવક સ્થિર
(બ) વસ્તી સ્થિર
(ક) અવેજી વસ્તુની કિંમત સ્થિર
(ડ) ઉત્પાદન ખર્ચ સ્થિર

70. નીચેના પૈકી કઈ પુરવઠા નિયમની ધારણા / ધારણાઓ છે ?

(અ) ઉત્પાદન ખર્ચ સ્થિર
(બ) પેઢીઓની સંખ્યા સ્થિર
(ક) કરવેરાનું પ્રમાણ સ્થિર
(ડ) ઉપરના બધાજ

71. પુરવઠાનો નિયમ નીચેનામાં કોને લાગુ પડતો નથી ?

(અ) અલભ્ય વસ્તુઓ
(બ) શ્રમનો પુરવઠો
(ક) નાશવંત વસ્તુ
(ડ) ભૂમિ
(ઇ) ઉપરના બધાજ



Scanned with CamScanner

72. માંગના નિયમ સાથે નીચેનામાંથી કયા અર્થશાસ્ત્રી / ઓ સંકળાયેલા છે ?

(અ) કુર્નોટ (બ) જુવેનાલ ડુપીટ

(ક) લાર્ડનર (ડ) માર્શલ (ઇ) ઉપરના બધાજ

## પ્રકરણ : ૩

73. ગ્રાહકના આર્થિક વર્તન (માંગ વિશ્લેષણ)ને સમજાવતી પદ્ધતિઓ કઈ છે ?

(અ) સંખ્યાલક્ષી તુષ્ટિગુણ પદ્ધતિ (બ) નાણાકીય વિશ્લેષણ પદ્ધતિ

(ક) ક્રમલક્ષી તુષ્ટિગુણ પદ્ધતિ (ડ) અ અને ક

74. નીચેનામાંથી કઈ સંખ્યાલક્ષી તુષ્ટિગુણ વિશ્લેષણની ધારણા છે ?

(અ) તુષ્ટિગુણ માપી શકાય છે.

(બ) તુષ્ટિગુણને વધારે કે ઓછો એવો ક્રમ આપી શકાય છે.

(ક) ગ્રાહક પસંદગીના ધોરણ ધરાવે છે.

(ડ) ઉપરના બધાજ

75. નીચેનામાંથી કઈ બાબત સંખ્યાલક્ષી તુષ્ટિગુણ વિશ્લેષણની પદ્ધતિને લાગુ પડે છે ?

(અ) ઘટના સીમાંત તુષ્ટિગુણનો નિયમ (બ) સીમાંત અવેજીદરનો નિયમ

(ક) ઘટતા મળતરનો નિયમ (ડ) વહેંચણીનો સિદ્ધાંત

76. સીમાંત તુષ્ટિગુણ એટલે ____________.

(અ) વપરાશમાં લીધેલા છેલ્લા એકમનો તુષ્ટિગુણ

(બ) વપરાશમાં લીધેલા પ્રથમ એકમનો તુષ્ટિગુણ

(ક) વપરાશમાં લીધેલા બધા જ એકમનો તુષ્ટિગુણ

(ડ) ઉપરના બધાજ

77. કુલ તુષ્ટિગુણ માટે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(અ) વપરાશમાં લીધેલા છેલ્લા એકમનો તુષ્ટિગુણ

(બ) વપરાશમાં લીધેલા પ્રથમ એકમનો તુષ્ટિગુણ

(ક) વપરાશમાં લીધેલા બધાજ એકમના તુષ્ટિગુણનો સરવાળો

(ડ) ઉપરના બધાજ

Scanned with CamScanner

78. નીચેનામાંથી કયું વિધાન સંખ્યાલક્ષી તુષ્ટિગુણ વિશ્લેષણ પદ્ધતિને લાગુપડતું નથી ?

(અ) તુષ્ટિગુણ માપી શકાય છે.

(બ) વપરાશમાં લેવાતી વસ્તુના એકમો સમાનગુણી છે.

(ક) ગ્રાહક તર્કબધ્ધ છે.

(ડ) ગ્રાહક પસંદગીના ધોરણ ધરાવે છે.

79. તુષ્ટિગુણ એટલે ____________.

(અ) જરૂરિયાત સંતોષવાનો ગુણ

(બ) માનવજરૂરિયાત સંતોષવાનો ગુણ

(ક) વસ્તુ કે સેવામાં રહેલો માનવજરૂરિયાત સંતોષવાનો ગુણ

(ડ) માનવીમાં રહેલો જરૂરિયાત સંતોષવાનો ગુણ

80. ગ્રાહકને વસ્તુના પ્રથમ એકમના વપરાશમાં ૧૦ એકમ, બીજાના વપરાશમાંથી ૫ એકમ અને ત્રીજા એકમના વપરાશમાંથી ૩ એકમ તુષ્ટિગુણ મળે તો સીમાંત તુષ્ટિગુણ કેટલો હશે ?

(અ) ૧૦ (બ) ૫ (ક) ૩ (ડ) ૧૮

81. ગ્રાહકને વસ્તુના પ્રથમ એકમના વપરાશમાં ૧૦ એકમ, બીજાના વપરાશમાંથી ૫ એકમ અને ત્રીજાના વપરાશમાંથી ૩ એકમ તુષ્ટિગુણ મળે છે તો કુલ તુષ્ટિગુણ કેટલો હશે ?

(અ) ૧૦ (બ) ૫ (ક) ૩ (ડ) ૧૮

82. વસ્તુના વપરાશ સાથે સીમાંત તુષ્ટિગુણ ____________ છે.

(અ) વધે (બ) ઘટે (ક) સ્થિર (ડ) ઉપરના બધાજ

83. વ્યકિતની જરૂરિયાત પૂર્ણ થાય ત્યારે કુલ તુષ્ટિગુણ અને સીમાંત તુષ્ટિગુણ વચ્ચે કેવો સંબંધ હોય છે ?

(અ) કુલ તુષ્ટિગુણ શૂન્ય અને સીમાંત તુષ્ટિગુણ મહત્તમ

(બ) કુલ તુષ્ટિગુણ મહત્તમ અને સીમાંત તુષ્ટિગુણ શૂન્ય

(ક) કુલ તુષ્ટિગુણ મહત્તમ અને સીમાંત તુષ્ટિગુણ મહત્તમ

(ડ) કુલ તુષ્ટિગુણ મહત્તમ અને સીમાંત તુષ્ટિગુણ ઋણ

84. શરૂઆતમાં વસ્તુના વપરાશ સાથે કુલ તુષ્ટિગુણ ____________ છે.

(અ) વધે (બ) ઘટે (ક) સ્થિર રહે (ડ) ઉપરના બધાજ



Scanned with CamScanner

85. શરૂઆતમાં વસ્તુના વપરાશ સાથે કુલ તુષ્ટિગુણ

(અ) ઘટતા દરે વધે (બ) વધતા દરે વધે

(ક) સ્થિર દરે વધે (ડ) વધતા કે ઘટતા દરે જ

86. સીમાંત તુષ્ટિગુણ શૂન્ય હોય ત્યારે કુલ તુષ્ટિગુણ ______ હોય છે.

(અ) મહત્તમ (બ) ન્યૂનતમ (ક) શૂન્ય (ડ) અનિશ્ચિત

87. કુલ તુષ્ટિગુણ અને સીમાંત તુષ્ટિગુણ વચ્ચેના સંબંધો માટે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(અ) સીમાંત તુષ્ટિગુણ ઘટે છે ત્યારે કુલ તુષ્ટિગુણ ઘટતા દરે વધે છે.

(બ) સીમાંત તુષ્ટિગુણ શૂન્ય હોય ત્યારે કુલ તુષ્ટિગુણ મહત્તમ હોય છે

(ક) સીમાંત તુષ્ટિગુણ નકારાત્મક બને છે ત્યારે કુલ તુષ્ટિગુણ ઘટે છે.

(ડ) ઉપરના બધાજ

88. સીમાંત તુષ્ટિગુણ નકારાત્મક કે ઋણ બને ત્યારે કુલ તુષ્ટિગુણ ______.

(અ) સ્થિર રહે (બ) શૂન્ય થાય (ક) ઘટે (ડ) મહત્તમ બને

89. નીચેનામાંથી કઈ ક્રમલક્ષી તુષ્ટિગુણ વિશ્લેષણ (તટસ્થરેખા વિશ્લેષણ) ની ધારણા છે ?

(અ) ગ્રાહકનું વર્તન તર્કબદ્ધ છે. (બ) ગ્રાહકની આવક મર્યાદિત છે

(ક) ગ્રાહક પસંદગીના ધોરણ ધરાવે છે. (ડ) ઉપરના બધાજ.

90. તટસ્થરેખા વિશ્લેષણ (ક્રમલક્ષી તુષ્ટિગુણ વિશ્લેષણ) પદ્ધતિના પાયામાં નીચેના પૈકી કયા ખ્યાલો મહત્વના છે ?

(અ) પસંદગીના ધોરણો (બ) તટસ્થ સૂચિ

(ક) સીમાંત અવેજીદર (ડ) ઉપરના બધાજ

91. પસંદગીના ધોરણોએ નીચેનામાંથી કયો ખ્યાલ છે ?

(અ) સાપેક્ષ (બ) નિરપેક્ષ

(ક) સ્થિર (ડ) સાપેક્ષ કે નિરપેક્ષ

92. નીચેનામાંથી કયા પસંદગીના ધોરણોના લક્ષણો છે ?

(અ) તટસ્થતા (બ) અતૃપ્તિ

(ક) સંક્રમકતા (ડ) ઉપરના બધાજ

Scanned with CamScanner

93. સીમાંત અવેજીદર અંતર્ગત એક વસ્તુના બદલામાં અન્ય વસ્તુના જતા કરવા પડતા પ્રમાણને લીધે

(અ) કુલ સંતોષ વધે છે.
(બ) કુલ સંતોષ ઘટે છે.
(ક) કુલ સંતોષમાં ફેરફાર થતો નથી.
(ડ) કુલ સંતોષમાં વધારો કે ઘટાડો થાય છે

94. તુષ્ટિગુણ વિશ્લેષણ કોના આર્થિક વર્તનને સમજાવે છે ?

(અ) ઉત્પાદકના
(બ) સાધન માલિકોના
(ક) ગ્રાહકના
(ડ) રાજ્યના

95. તટસ્થરેખા અને તુષ્ટિગુણ વિશ્લેષણ માટે નીચેનામાંથી કયું વિધાન લાગું પડે છે ?

(અ) એકબીજાને પૂરક છે.
(બ) એકબીજાની હરીફ છે.
(ક) એકબીજા સાથે કોઈ સંબંધ નથી.
(ડ) કેટલીક વાર એકબીજાને પૂરક તો કેટલીકવાર હરીફ છે.

96. સંખ્યાલક્ષી તુષ્ટિગુણ વિશ્લેષણ સાથે નીચેનામાંથી કયા અર્થશાસ્ત્રી સંકળાયેલા છે ?

(અ) માર્શલ
(બ) ગોસેન
(ક) અ અને બ
(ડ) ઉપરનામાંથી એકપણ નહીં

97. ક્રમલક્ષી તુષ્ટિગુણ (તટસ્થરેખા) વિશ્લેષણ સાથે નીચેનામાંથી કયા અર્થશાસ્ત્રી સંકળાયેલા છે ?

(અ) હિકસ અને એલન
(બ) સ્લટસ્કી
(ક) એજવર્થ
(ડ) ઉપરના બધાજ

98. નીચેનામાં કઈ બાબત તટસ્થરેખા (ક્રમલક્ષી) વિશ્લેષણ પદ્ધતિને લાગુ પડે છે ?

(અ) તકરેખા
(બ) તટસ્થરેખા
(ક) કિંમત અસરનું આવક અને અવેજીઅસરમાં વિભાજન
(ડ) ઉપરના બધાજ

99. ગ્રાહકના આર્થિક વર્તન (માંગ)ના વિશ્લેષણ સાથે નીચેનામાંથી કયા અર્થશાસ્ત્રી સંકળાયેલાં છે ?

(અ) માર્શલ (બ) સ્લટસ્કી (ક) હિકસ (ડ) ઉપરના બધાજ

## પ્રકરણ – ૪

100. માંગની મૂલ્યસાપેક્ષતાના ખ્યાલ સાથે નીચેનામાંથી કયા અર્થશાસ્ત્રી સંકળાયેલા છે ?

(અ) માર્શલ
(બ) શ્રીમતી રોબિન્સન
(ક) એડવિન કાનન
(ડ) ઉપરના બધાજ



Scanned with CamScanner

101. માંગની સાપેક્ષતા એટલે

(અ) માંગને અસર કરતા પરિબળોમાં થતા ફેરફારને લીધે માંગમાં થતો ચોક્કસ ફેરફારનો દર

(બ) વસ્તુની કિંમતમાં થતા ફેરફારને લીધે એની માંગમાં થતા ફેરફારનો દર

(ક) વ્યક્તિ કે ગ્રાહકની આવકમાં થતા ફેરફારને લીધે વસ્તુની માંગમાં થતા ફેરફારનો દર

(ડ) માંગમાં થતા ફેરફારને લીધે કિંમતમાં થતા ફેરફારનો દર

102. માંગની સાપેક્ષતાને નીચેના પૈકી કયા પરિબળો અસર કરે છે ?

(અ) આવક
(બ) અવેજીવસ્તુની કિંમત
(ક) વસ્તુની કિંમત
(ડ) ઉપરના બધાજ

103. માંગની મૂલ્યસાપેક્ષતા ________________ તે દર્શાવે છે.

(અ) વસ્તુની માંગમાં ફેરફાર થતાં કિંમતમાં ફેરફાર થશે

(બ) વસ્તુની કિંમતમાં ફેરફાર થતાં માંગમાં ચોક્કસ કયા દરે ફેરફાર થશે

(ક) વસ્તુની માંગમાં ફેરફાર થતાં કિંમતમાં ચોક્કસ કયા દરે ફેરફાર થશે

(ડ) વસ્તુની કિંમતમાં ફેરફાર થતાં માંગમાં ફેરફાર થશે

104. માંગની મૂલ્યસાપેક્ષતા = ________________

(અ) $\frac{\text{વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર}}{\text{વસ્તુની કિંમતમાં થતો ટકાવારી ફેરફાર}}$
(બ) $\frac{\text{વસ્તુની કિંમતમાં થતો ટકાવારી ફેરફાર}}{\text{વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર}}$

(ક) $\frac{\text{વસ્તુની માંગમાં ફેરફાર}}{\text{વસ્તુની કિંમતમાં ફેરફાર}}$
(ડ) $\frac{\text{વસ્તુની કિંમતમાં ફેરફાર}}{\text{વસ્તુની માંગમાં ફેરફાર}}$

105. માંગની મૂલ્યસાપેક્ષતાના મુખ્ય ________________ પ્રકારો છે.

(અ) બે (બ) ચાર (ક) પાંચ (ડ) છ

106. સપ્રમાણ મૂલ્યસાપેક્ષ માંગ એટલે કિંમતના ફેરફારની સાપેક્ષ માંગમાં થતો ________ ફેરફાર

(અ) 100% (બ) 0% (ક) અનંત ગણો (ડ) સપ્રમાણ

107. પ્રવર્તમાન કિંમતે પેઢી ઈચ્છે એટલા એકમોનું વેચાણ કરી શકે એવી સ્થિતિ એટલે ____________.

(અ) સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ માંગ
(બ) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ
(ક) મૂલ્યસાપેક્ષ
(ડ) મૂલ્યઅનપેક્ષ

Scanned with CamScanner

108. વસ્તુની કિંમતમાં 3% ફેરફાર થતાં તેની માંગમાં 6% ફેરફાર થાય છે તો વસ્તુની માંગ ________ કહેવાય.

(અ) મૂલ્યસાપેક્ષ　　(બ) એકમ મૂલ્યસાપેક્ષ

(ક) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ　　(ડ) મૂલ્યઅનપેક્ષ

109. કિંમતના થતા ફેરફારના દર કરતાં માંગમાં થતા ફેરફારનો દર વધુ હોય તો તેને ________ માંગ કહેવાય.

(અ) એકમ મૂલ્યસાપેક્ષ માંગ　　(બ) મૂલ્યસાપેક્ષ માંગ

(ક) મૂલ્યઅનપેક્ષં માંગ　　(ડ) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ

110. એકમ કરતાં વધુ મૂલ્યસાપેક્ષ માંગ કે મૂલ્યસાપેક્ષ માંગમાં ________ હોય.

(અ) કિંમતની સાપેક્ષ માંગના ફેરફારનો દર વધુ

(બ) માંગની સાપેક્ષ કિંમતમાં થતા ફેરફારનો દર વધુ

(ક) કિંમતની સાપેક્ષ માંગના ફેરફારનો દર અનંત

(ડ) કિંમતની સાપેક્ષ માંગના ફેરફારનો દર શૂન્ય

111. કિંમતમાં થતા ફેરફારેના દર અનુસાર જ માંગમાં ફેરફાર થાય તો તે ________ માંગ કહેવાય.

(અ) સપ્રમાણ મૂલ્યસાપેક્ષ　　(બ) એકમ કરતાં ઓછી મૂલ્યસાપેક્ષ

(ક) મૂલ્યસાપેક્ષ　　(ડ) મૂલ્યઅનપેક્ષ

112. એકમ (સપ્રમાણ) મૂલ્યસાપેક્ષ માંગમાં ________ હોય.

(અ) કિંમતની સાપેક્ષ માંગના ફેરફારનો દર વધુ

(બ) કિંમતની સાપેક્ષ માંગના ફેરફારનો દર ઓછો

(ક) કિંમત ફેરફારના દર અનુસાર જ માંગના ફેરફારનો દર

(ડ) ઉપરના બધાજ

113. કિંમતમાં 3% ફેરફાર થતાં માંગમાં 3% ફેરફાર થાય છે તો વસ્તુની માંગ ________ કહેવાય.

(અ) એકમ મૂલ્યસાપેક્ષ　　(બ) એકમ કરતાં વધુ મૂલ્યસાપેક્ષ

(ક) એકમ કરતાં ઓછી મૂલ્યસાપેક્ષ　　(ડ) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ



Scanned with CamScanner

114. વસ્તુની કિંમતમાં થતા ફેરફારના દર કરતાં માંગમાં થતા ફેરફારનો દર ઓછો હોય તો તેને ક્યા પ્રકારની માંગ કહેવાય ?

(અ) મૂલ્યસાપેક્ષ (બ) મૂલ્યઅનપેક્ષ

(ક) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ (ડ) સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ

115. વસ્તુની કિંમતમાં 5% ફેરફાર થતાં તેની માંગમાં 4.5% ફેરફાર થાય છે તો વસ્તુની માંગ ______ હશે.

(અ) મૂલ્યઅનપેક્ષ (બ) મૂલ્યસાપેક્ષ

(ક) સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ (ડ) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ

116. મૂલ્યઅનપેક્ષ કે એકમ કરતાં ઓછી મૂલ્યસાપેક્ષ માંગમાં ______ હોય.

(અ) કિંમતની સાપેક્ષ માંગના ફેરફારનો દર ઓછો

(બ) કિંમતની સાપેક્ષ માંગના ફેરફારનો દર વધુ

(ક) કિંમતની સાપેક્ષ કિંમતના ફેરફારનો દર ઓછો

(ડ) કિંમતની સાપેક્ષ કિંમતના ફેરફારનો દર વધુ

117. વસ્તુની કિંમતમાં ફેરફાર થવા છતાં એની માંગમાં કોઈપણ પ્રકારનો ફેરફાર ન થાય તો તેને ક્યા પ્રકારની માંગ કહેવાય ?

(અ) મૂલ્યસાપેક્ષ (બ) સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ

(ક) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ (ડ) મૂલ્યઅનપેક્ષ

118. વસ્તુની કિંમતમાં ૧૦ % ફેરફાર થાય છતાં માંગમાં 0 % નો ફેરફાર થાય છે. આથી વસ્તુની માંગ ______ હશે.

(અ) સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ (બ) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ

(ક) મૂલ્યઅનપેક્ષ (ડ) મૂલ્યસાપેક્ષ

119. સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ માંગમાં ______ હોય.

(અ) કિંમતના ફેરફારની સાપેક્ષ માંગના ફેરફારનો દર અનંત

(બ) કિંમતના ફેરફારની સાપેક્ષ માંગના ફેરફારનો દર શૂન્ય

(ક) કિંમતના ફેરફારના દર જેટલો જ માંગના ફેરફારનો દર

(ડ) કિંમતના ફેરફારની સાપેક્ષ માંગના ફેરફારનો દર ઓછો

Scanned with CamScanner

120. પ્રાથમિક વસ્તુઓની માંગ નીચેના પૈકી કયા પ્રકારની હોય છે ?

(અ) મૂલ્યસાપેક્ષ
(બ) મૂલ્યઅનપેક્ષ
(ક) એકમ મૂલ્યસાપેક્ષ
(ડ) સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ

121. નીચેના પૈકી કોની માંગ મૂલ્યઅનપેક્ષ હશે.

(અ) અનાજ (બ) દૂધ (ક) ખાદ્યતેલ (ડ) ઉપરના બધાજ

122. સુખ સગવડ કે મોજશોખની વસ્તુની માંગ કેવા પ્રકારની હોય છે ?

(અ) મૂલ્યઅનપેક્ષ
(બ) મૂલ્યસાપેક્ષ
(ક) સપ્રમાણ મૂલ્યસાપેક્ષ
(ડ) સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ

123. સામાન્ય સંજોગોમાં વસ્તુની માંગ કેવા પ્રકારની હોય છે ?

(અ) મૂલ્યસાપેક્ષ કે મૂલ્યઅનપેક્ષ
(બ) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ કે સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ
(ક) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ કે મૂલ્યસાપેક્ષ
(ડ) સપ્રમાણ મૂલ્યસાપેક્ષ

124. ઉત્પાદકીય વસ્તુઓની માંગ ____________ હોય છે ?

(અ) મૂલ્યઅનપેક્ષ
(બ) મૂલ્યસાપેક્ષ
(ક) સપ્રમાણ મૂલ્યસાપેક્ષ
(ડ) મૂલ્યઅનપેક્ષ કે મૂલ્યસાપેક્ષ

125. મૂલ્યસાપેક્ષ માંગ નીચેનામાંથી કોની હોય છે ?

(અ) પ્રાથમિક વસ્તુ
(બ) અત્યંત સસ્તી વસ્તુ
(ક) અત્યંત મોંઘી વસ્તુ
(ડ) ઉત્પાદકીય વસ્તુ

126. નીચેના પૈકી કોની માંગ મૂલ્યસાપેક્ષ છે ?

(અ) અનાજ
(બ) દવાઓ
(ક) દૂધ
(ડ) યંત્રો

127. ટકાઉ વસ્તુની માંગ કેવા પ્રકારની હોય છે ?

(અ) મૂલ્યઅનપેક્ષ
(બ) મૂલ્યસાપેક્ષ
(ક) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ
(ડ) સપ્રમાણ મૂલ્યસાપેક્ષ



Scanned with CamScanner

128. નીચેનામાંથી મૂલ્યસાપેક્ષ માંગ કોની હોય છે ?

(અ) એક જ ઉપયોગ ધરાવતી વસ્તુ
(બ) પ્રાથમિક વસ્તુ
(ક) ખૂબ મોંઘી વસ્તુ
(ડ) ટકાઉ વસ્તુ

129. અનેક ઉપયોગ ધરાવતી વસ્તુઓની માંગ કેવી હોય છે ?

(અ) મૂલ્યઅનપેક્ષ
(બ) એકમ મૂલ્યસાપેક્ષ
(ક) મૂલ્યસાપેક્ષ
(ડ) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ

130. ખુબ મોંઘી વસ્તુઓની માંગ કેવી હોય છે ?

(અ) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ
(બ) સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ
(ક) મૂલ્યસાપેક્ષ
(ડ) મૂલ્યઅનપેક્ષ

131. નીચેનામાંથી કઈ વસ્તુની માંગ મૂલ્યઅનપેક્ષ હશે ?

(અ) વિમાન
(બ) હેલિકોપ્ટર
(ક) ઉચ્ચ ગુણવત્તાવાળા હીરા
(ડ) ઉપરના બધાજ

132. વપરાશ મુલતવી રાખી શકાય (કેટલોક સમય વપરાશ વિના ચલાવી શકાય) તેવી વસ્તુઓની માંગ ________ હોય છે.

(અ) મૂલ્યસાપેક્ષ
(બ) મૂલ્યઅનપેક્ષ
(ક) એકમ મૂલ્યસાપેક્ષ
(ડ) એકમ કરતાં ઓછી મૂલ્યસાપેક્ષ

133. વપરાશ મુલતવી રાખી ન શકાય (ખરીદી તાત્કાલિક જ કરવી પડે) તેવી વસ્તુઓની માંગ ________ હોય છે.

(અ) મૂલ્યઅનપેક્ષ
(બ) મૂલ્યસાપેક્ષ
(ક) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ
(ડ) એકમ મૂલ્યસાપેક્ષ

134. અત્યંત સસ્તી વસ્તુઓની માંગ ________ હોય છે.

(અ) મૂલ્યસાપેક્ષ
(બ) મૂલ્યઅનપેક્ષ
(ક) સપ્રમાણ મૂલ્યસાપેક્ષ
(ડ) સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ

135. નીચેના પૈકી કોની માંગ મૂલ્યઅનપેક્ષ હશે ?

(અ) પોસ્ટકાર્ડ
(બ) દૈનિકપત્ર
(ક) એરકન્ડીશનર
(ડ) અ અને બ



Scanned with CamScanner

136. વસ્તુની અવેજીવસ્તુનું પ્રમાણ વધારે હોય તો વસ્તુની માંગની મૂલ્યસાપેક્ષતા ______ હશે.

(અ) વધારે (બ) ઓછી (ક) શૂન્ય (ડ) અનંત

137. વસ્તુની અવેજીવસ્તુનું પ્રમાણ ઓછું હોય તો વસ્તુની માંગની મૂલ્યસાપેક્ષતા ______ હશે.

(અ) ઓછી (બ) વધારે (ક) શૂન્ય (ડ) અમાપ

138. ગ્રાહકના બજેટમાં વસ્તુનું મહત્વ વધારે હશે તો તેની માંગ ______ હશે.

(અ) મૂલ્યસાપેક્ષ (બ) મૂલ્યઅનપેક્ષ

(ક) એકમ મૂલ્યસાપેક્ષ (ડ) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ

139. ગ્રાહકના બજેટમાં વસ્તુનું મહત્વ ઓછું હશે તો તેની માંગ ______ હશે.

(અ) એકમ કરતાં ઓછી મૂલ્યસાપેક્ષ (મૂલ્યઅનપેક્ષ)

(બ) એકમ કરતાં વધુ મૂલ્યસાપેક્ષ (મૂલ્યસાપેક્ષ)

(ક) એકમ મૂલ્યસાપેક્ષ (સપ્રમાણ મૂલ્યસાપેક્ષ)

(ડ) સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ

140. મોટરકારની માંગ ધનિક અને ગરીબ વર્ગ માટે ______ હશે.

(અ) મૂલ્યસાપેક્ષ (બ) સપ્રમાણ મૂલ્યસાપેક્ષ

(ક) મૂલ્યઅનપેક્ષ (ડ) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ

141. સંપત્તિની સમાન વહેંચણી હશે ત્યાં માંગની મૂલ્યસાપેક્ષતા સામાન્ય રીતે ______ હશે.

(અ) વધુ (બ) ઓછી (ક) અમાપ (ડ) શૂન્ય

142. સંપત્તિ વહેંચણી જો અસમાન હશે તો માંગની મૂલ્યસાપેક્ષતા સામાન્ય રીતે ______ હશે.

(અ) વધુ (બ) ઓછી (ક) અમાપ (ડ) શૂન્ય

143. સમયના ટૂંકાગાળામાં સામાન્ય રીતે વસ્તુની માંગની મૂલ્યસાપેક્ષતા ______ હોય છે.

(અ) ઓછી (બ) વધુ (ક) ઓછી કે વધુ (ડ) ઉપરના બધાજ

144. સમયના લાંબાગાળામાં સામાન્ય રીતે માંગની મૂલ્યસાપેક્ષતા ______ હોય છે.

(અ) વધુ (બ) ઓછી (ક) સપ્રમાણ (ડ) શૂન્ય

145. વસ્તુની માંગ મૂલ્યસાપેક્ષ હશે તો તેની કિંમત ઉત્પાદકો ______ રાખશે.

(અ) પ્રમાણમાં નીચી (બ) પ્રમાણમાં ઊંચી

(ક) અ અને બ (ડ) ઉપરના બધાજ



Scanned with CamScanner

146. વસ્તુની માંગ મૂલ્યઅનપેક્ષ હશે તો ઉત્પાદકો તેની કિંમત સામાન્ય રીતે ____ રાખશે.

(અ) ઊંચી (બ) નીચી (ક) અ અને બ (ડ) ઉપરના બધાજ

147. માંગની મૂલ્યસાપેક્ષતા માટે નીચેનામાંથી કયુ વિધાન સાચું છે.

(અ) સંચાલકીય નિર્ણય લેવામાં ઉપયોગી છે.

(બ) કરવેરા આકારણીમાં માર્ગદર્શનરૂપ બને છે.

(ક) ખેતીક્ષેત્રે ટેકાના ભાવ નક્કી કરવામાં મદદરૂપ થાય છે.

(ડ) ઉપરના બધાજ

148. જો સરકાર મહત્તમ કર આવક મેળવવા ઈચ્છતી હોય, તો તેણે ____

(અ) મૂલ્યસાપેક્ષ વસ્તુ પર કર આકારવો જોઈએ.

(બ) મૂલ્યઅનપેક્ષ વસ્તુ પર કર આકારવો જોઈએ.

(ક) મૂલ્યસાપેક્ષ કે અનપેક્ષ વસ્તુ પર કર આકારવો જોઈએ.

(ડ) ઉપરના બધાજ

149. માંગની મૂલ્યસાપેક્ષતા માટે નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(અ) વસ્તીનીતિના ઘડતરમાં મદદરૂપ

(બ) સંયુક્ત પેદાશની વસ્તુઓની કિંમત નક્કી કરવામાં ઉપયોગી

(ક) વેતન નિર્ધારણમાં મદદરૂપ

(ડ) જાહેર ઉપયોગિતાના ઉદ્યોગોનું નિર્ધારણ કરવામાં મદદરૂપ

150. માંગની મૂલ્યસાપેક્ષતા સામાન્ય રીતે ____ હોય છે.

(અ) ધન (બ) ઋણ (ક) ધન કે ઋણ (ડ) ઉપરના બધાજ

151. માંગની મૂલ્યસાપેક્ષતા ____ દર્શાવે છે.

(અ) આવકના ફેરફારના અનુસંધાને માંગમાં થતો ફેરફારનો દર

(બ) વસ્તુની કિંમતમાં ફેરફાર થતાં તેની માંગમાં થતો ફેરફારનો દર

(ક) એક વસ્તુની કિંમતમાં ફેરફાર થતાં તેના અનુસંધાને અન્ય વસ્તુની માંગમાં થતો ફેરફાર

(ડ) માંગના અનુસંધાને પુરવઠામાં થતા ફેરફારનો દર

152. માંગની મૂલ્યસાપેક્ષતાના ખ્યાલને વિકસિત કરવાનું શ્રેય નીચેનામાંથી કોને જાય છે ?

(અ) આલ્ફ્રેડ માર્શલ (બ) એડવીન કેનન (ક) સેમ્યુલસન (ડ) ફ્રેડરીક બેનહામ



Scanned with CamScanner

## યુનિટ - ૧

❖ આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

(1) "Wealth of Nation" પુસ્તક કયા અર્થશાસ્ત્રીનું છે.
(A) માર્શલ (B) કેઈન્સ (C) એડમસ્મિથ (D) રોબિન્સ

(2) અર્થશાસ્ત્રને વિજ્ઞાન સાથે સરખામણી કરનાર અંગ્રેજ અર્થશાસ્ત્રી કોણ હતા.
(A) માર્શલ (B) કેઈન્સ (C) એડમસ્મિથ (D) રોબિન્સ

(3) અર્થશાસ્ત્રને માનવ કલ્યાણના શાસ્ત્ર તરીકેની ઓળખ આપનાર અર્થશાસ્ત્રી કોણ હતા.
(A) માર્શલ (B) કેઈન્સ (C) રોબિન્સ (D) રોબિન્સ

(4) અર્થશાસ્ત્ર એટલે ત્રેવડનું અર્થશાસ્ત્ર આ વિધાન કોનું છે ?
(A) માર્શલ (B) કેઈન્સ (C) એડમસ્મિથ (D) રોબિન્સ

(5) "Nature and Singnificance of Economic Science" કયા અર્થશાસ્ત્રીનું છે ?
(A) માર્શલ (B) કેઈન્સ (C) એડમસ્મિથ (D) રોબિન્સ

(6) પ્રો. માર્શલે 1890 માં કયું પુસ્તક પ્રગટ કર્યું ?
(A) Wealth of Nation (B) principles of Economics
(C) General theory (D) એકપણ નહિ

(7) અર્થશાસ્ત્રને સંપતિશાસ્ત્ર તરીકેની ઓળખ આપનાર અર્થશાસ્ત્રી કયા ?
(A) માર્શલ (B) એડમસ્મિથ (C) રોબિન્સ (D) હિક્સ

(8) કયા અર્થશાસ્ત્રી અર્થશાસ્ત્રના પિતામહ ગણાય છે ?
(A) માર્શલ (B) એડમસ્મિથ (C) રોબિન્સ (D) કેઈન્સ

(9) માનવીની જરૂરિયાતો કેવી છે ?
(A) મર્યાદિત (B) અમર્યાદિત (C) પ્રમાણસર (D) સ્થિર

(10) માનવીની જરૂરિયાતો અમર્યાદિત હોય તો ઉત્પાદનના સાધનો કેવા છે ?
(A) મર્યાદિત (B) અમર્યાદિત (C) અસ્થિર (D) એકપણ નહિ

(11) કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રના બીજ કયા અર્થશાસ્ત્રીએ વાવ્યાં છે ?
(A) એડમસ્મિથ (B) કેઈન્સ (C) હિક્સ (D) માર્શલ

(12) જનરલ થીએરી પુસ્તક કયા અર્થશાસ્ત્રીનું છે ?
(A) એડમસ્મિથ (B) હિક્સ (C) માર્શલ (D) એકપણ નહિ

(13) એડમ સ્મિથને "Wealth of Nation" પુસ્તક ક્યારે પ્રગટ કર્યું ?
(A) 1890 (B) 1776 (C) 1932 (D) એકપણ નહિ

Scanned with CamScanner

(14) માર્શલે "Principles of Economics" પુસ્તક ક્યારે પ્રગટ કર્યું ?
(A) 1890 (B) 1776 (C) 1932 (D) એકપણ નહિ

(15) રોબિન્સ નામના અર્થશાસ્ત્રીએ તેમનું પુસ્તક ક્યારે પ્રગટ કર્યું ?
(A) 1890 (B) 1776 (C) 1932 (D) એકપણ નહિ

(16) અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર વગેરે સામાજિક વિજ્ઞાન છે.
(A) ખોટું (B) સાચું (C) અનિર્ણિત (D) એકપણ નહિ

(17) અર્થશાસ્ત્રને આદર્શલક્ષી અર્થશાસ્ત્ર તરીકે પણ ઓળખી શકાય.
(A) સાચું (B) ખોટું (C) અનિર્ણિત (D) એકપણ નહિ

(18) પદ્ધતિસર આર્થિક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરે તેને કેવું શાસ્ત્ર કહેવાય.
(A) માનસશાસ્ત્ર (B) સમાજશાસ્ત્ર (C) વ્યર્થશાસ્ત્ર (D) અર્થશાસ્ત્ર

(19) અર્થશાસ્ત્રમાં કારણ અને પરિણામ વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવામાં આવતો નથી.
(A) સાચું (B) ખોટું (C) અનિર્ણિત (D) એકપણ નહિ

(20) અર્થશાસ્ત્રમાં કુલ કેટલા કાર્યક્ષેત્રની સમજ આપવામાં આવી છે.
(A) બે (B) ત્રણ (C) ચાર (D) એકપણ નહિ

(21) નીચેનામાંથી કોનો અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં સમાવેશ થાય છે ?
(A) ઉત્પાદન (B) વપરાશ
(C) વિનિમય (D) ઉપરના તમામ

(22) ભારતમાં કયા પ્રકારની આર્થિક પદ્ધતિ છે ?
(A) મૂડીવાદ (B) સમાજવાદ (C) મિશ્ર અર્થતંત્ર (D) સામ્યવાદ

(23) ઉત્પાદનના સાધનો મર્યાદિત છે જ્યારે જરૂરિયાતો અમર્યાદિત છે.
(A) સાચું (B) ખોટું (C) અનિર્ણિત (D) એકપણ નહિ

(24) માનવીની જરૂરિયાતો વારંવાર સર્જાતી હોય છે.
(A) ખોટું (B) અસત્ય (C) સાચું (D) A અને B

(25) નીચેનામાંથી કયા સાધનના કે સેવાના અનેક ઉપયોગો છે.
(A) જમીન (B) વીજળી (C) A અને B (D) એકપણ નહિ

(26) એકમલક્ષી અર્થશાસ્ત્રમાં કેટલી આર્થિક બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે.
(A) એક (B) બે (C) બે થી વધારે (D) એકપણ નહિ

## યુનિટ - ૨

(1) માંગના નિયમમાં કિંમત અને માંગ વચ્ચે કેવો સંબંધ રજૂ કરવામાં આવ્યો છે ?
(A) વ્યસ્ત સંબંધ (B) ઉલટો સંબંધ
(C) A અને B (D) સીધો સંબંધ

(2) માંગનો નિયમ કયા અર્થશાસ્ત્રીએ સમજાવ્યો છે.
(A) એડમસ્મિથ (B) માર્શલ (C) રોબિન્સ (D) કેઈન્સ

Scanned with CamScanner

(3) અન્ય પરિબળો બદલાય તો કિંમત અને માંગ વચ્ચેનો વ્યસ્ત સંબંધ ના પણ રહે.

(A) સાચું (B) ખોટું (C) અનિર્ણિત (D) એકપણ નહિ

(4) માંગના નિયમમાં કયા પરિબળને સ્થિર ધારવામાં આવેલ છે ?

(A) આવક (B) ફેશન

(C) ગ્રાહકોની રૂચિ (D) ઉપરના તમામ

(5) વસ્તુ ખરીદવાની ઈચ્છા અને તૈયારી તેને માંગ કહેવાય.

(A) ખોટું (B) સાચું (C) હકારાત્મક (D) એકપણ નહિ

(6) હલકી વસ્તુઓને કઈ વસ્તુ તરીકે ઓળખવામાં આવે છે ?

(A) ખરાબ વસ્તુ (B) ટકાઉ વસ્તુ

(C) A અને B (D) ગીફન વસ્તુ

(7) દશ રૂપિયા આપીને વેપારી પાસેથી બોલપેન લેવામાં આવે તેને શું કહેવાય ?

(A) માંગ (B) ખરીદી

(C) A અને B (D) એકપણ નહિ

(8) વસ્તુની ખરીદી પહેલા જે ઘટના બને છે તેને માંગ કહી શકાય.

(A) સાચું (B) ખોટું (C) અનિર્ણિત (D) એકપણ નહિ

(9) માંગમાં થતા ફેરફારને પરિણામ કહેવાય તો કિંમતમાં થતા ફેરફારને શું કહેવાય ?

(A) ઈચ્છા (B) તારણ (C) કારણ (D) ફેરફાર

(10) એક જ વસ્તુનો અભ્યાસ કરવામાં આવે તેને કેવું અર્થશાસ્ત્ર કહેવાય.

(A) સમગ્રલક્ષી (B) આદર્શલક્ષી (C) એકમલક્ષી (D) A અને B

(11) માંગના નિયમમાં કઈ શરત મૂકવામાં આવી છે ?

(A) અન્ય પરિબળોની સ્થિરતા (B) અન્ય પરિબળોની અસ્થિરતા

(C) A અને B (D) એક પણ નહિ

(12) આવકમાં વધારો થાય તો માંગમાં વધારો થાય આવકમાં ઘટાડો થાય તો પણ માંગમાં વધારો થાય છે.

(A) સાચું (B) ખોટું (C) હકારાત્મક (D) એકપણ નહિ

(13) માંગ એટલે વસ્તુ ખરીદવાની શક્તિ, ઈચ્છા અને તૈયારી.

(A) સાચું (B) ખોટું (C) અનિર્ણિત (D) એકપણ નહિ

(14) કિંમતમાં ઘટાડો થતાં માગં વધારો થાય તેને શું કહેવાય.

(A) માંગ વિસ્તરણ (B) માંગ વિસ્તાર

(C) A અને B (D) સંકોચન

(15) કિંમતમાં વધારો થતાં માંગમાં ઘટાડો થાય તેને શું કહેવાય.

(A) માંગ વિસ્તરણ (B) માંગ સંકોચન

(C) A અને B (D) એકપણ નહિ

Scanned with CamScanner

(16) નીચેનામાંથી કઈ વસ્તુમાં માંગનો નિયમ લગભગ લાગું પડતો નથી.
(A) સસ્તી વસ્તુઓ (B) કિંમતી વસ્તુઓ
(C) A અને B (D) એકપણ નહિ

(17) પ્રતિષ્ઠા મૂલ્યવાળી વસ્તુઓ ખરીદનાર વર્ગ હંમેશાં કોણ હોય છે.
(A) સમૃદ્ધ વર્ગ (B) ગરીબ વર્ગ (C) ધનિક વર્ગ (D) A અને C

(18) કિંમત સ્થિર રહે તો પણ માંગમાં વધારો - ઘટાડો થાય છે.
(A) સાચું (B) ખોટું (C) અનિર્ણિત (D) એકપણ નહિ

(19) માંગમાં થતા વધારા માટે એક માત્ર જવાબદાર કારણ કિંમતમાં થતો ઘટાડો છે.
(A) ખોટું (B) સાચું (C) A અને B (D) એકપણ નહિ

(20) નીચેનામાંથી માંગનું ઉદ્ભવ સ્થાન ક્યું કહેવાય.
(A) ખરીદશક્તિ (B) વસ્તુની ઉપલબ્ધિ (C) તૈયારી (D) ઈચ્છા

(21) નીચેનામાંથી કયા અર્થશાસ્ત્રીએ પુરવઠાનો નિયમ સમજાવ્યો છે.
(A) એડમસ્મિથ (B) રોબિન્સ (C) માર્શલ (D) કેઈન્સ

(22) "Principles of Economics" પુસ્તક કયા અર્થશાસ્ત્રીનું છે.
(A) એડમસ્મિથ (B) માર્શલ (C) કેઈન્સ (D) એકપણ નહિ

(23) માંગ અને પુરવઠાનો નિયમ કયા અર્થશાસ્ત્રીએ સમજાવ્યો છે ?
(A) એડમસ્મિથ (B) કેઈન્સ (C) રોબિન્સન (D) એકપણ નહિ

(24) પુરવઠાના નિયમમાં કિંમત અને પુરવઠા વચ્ચે કેવો સંબંધ હોય છે.
(A) વ્યસ્ત સંબંધ (B) હકારાત્મક
(C) ઊલટો (D) નકારાત્મક

(25) અર્થશાસ્ત્રમાં ઉત્પાદન અને પુરવઠાનો અર્થ સરખો છે.
(A) સાચું (B) ખોટું (C) અનિર્ણિત (D) એકપણ નહિ

(26) નીચેનામાં પુરવઠા રેખા કેવા આકારની હોય છે.
(A) આડી રેખા (B) ઋણ ઢાળ (C) ધન ઢાળ (D) લંબરેખા

(27) માંગના નિયમમાં માંગરેખા કેવા આકારની હોય છે.
(A) ઋણઢાળ (B) ધનઢાળ (C) આડી રેખા (D) લંબરેખા

(28) નીચેનામાંથી કઈ ચીજવસ્તુઓનો પુરવઠો હોય છે.
(A) સડી ગયેલી (B) નકામી (C) જરૂરિયાત (D) એકપણ નહિ

(29) કોઈ ખેડૂત મણ ઘઉંનું ઉત્પાદન કરે છે તેમાંથી 25 મણ ઘઉં ઘરવપરાશ માટે રાખે છે તો ઘઉંનો પુરવઠો કેટલો કહેવાય.
(A) 100 મણ ઘઉં (B) 75 મણ ઘઉં
(C) 25 મણ ઘઉં (D) ઉપરના તમામ

(30) ચીજવસ્તુઓ વેચવાની તૈયારી અને શક્તિનું પ્રમાણ એટલે પુરવઠો.
(A) સાચું (B) ખોટું (C) અનિર્ણિત (D) એકપણ નહિ

Scanned with CamScanner

(31) પુરવઠાના નિયમમાં નીચેનામાંથી કઈ બાબતને સ્થિર ધારવામાં આવી છે.
(A) કુદરતી ઘટનાઓ પર પ્રતિબંધ (B) ઉત્પાદનનું સ્થિર પ્રમાણ
(C) અવેજી વસ્તુઓના ભાવ સ્થિર **(D)** ઉપરની તમામ

(32) પુરવઠામાં થતા વધારા માટે નીચેનામાંથી કયું કારણ જવાબદાર હોઈ શકે.
**(A)** કિંમતમાં થતો વધારો (B) પુરવઠામાં વધારો
(C) માંગમાં ઘટાડો (D) આવક

(33) નીચેનામાંથી કઈ વસ્તુમાં ભાવમાં ફેરફાર થયા પણ પુરવઠામાં ફેરફાર થતો નથી.
(A) કાપડ (B) બૂટ-ચંપલ
(C) A અને B **(D)** પ્રાચીનકાળના સિક્કાઓ

(34) નીચેનામાંથી કયું ઉત્પાદનનું સાધન કુદરતી કહેવાય.
(A) ટ્રેક્ટર (B) નિયોજક **(C)** જમીન (D) બજાર

(35) કિંમતમાં વધારો થાય તો પુરવઠામાં વધારો થાય છે તેની શું કહેવાય.
(A) પુરવઠાનો વિસ્તાર **(B)** પુરવઠાનું વિસ્તરણ
(C) A અને B (D) એકપણ નહિ

(36) પુરવઠાના નિયમને નીચેનામાંથી કઈ શરત લાગુ પડે છે.
(A) આવકમાં વધારો (B) પરિબળોમાં ફેરફાર
**(C)** અન્ય પરિબળો ના બદલાય (D) બધી જ

(37) વસ્તુની કિંમતમાં ફેરફાર ના થાય તો પણ પુરઠામાં ફેરફાર થાય છે.
**(A)** સાચું (B) ખોટું (C) અનિર્ણિત (D) એકપણ નહિ

(38) એકમલક્ષી અર્થશાસ્ત્રમાં નીચેનામાંથી કયા અર્થશાસ્ત્રીનો ફાળો વિશેષ છે.
(A) કેઈન્સ (B) ફિશર (C) મિલ્ટન ફ્રિડમેન **(D)** માર્શલ

## યુનિટ - ૩

(1) માનવીની જરૂરિયાતો સંતોષવાના ગુણને શું કહેવામાં આવે છે.
(A) ઉત્પાદન **(B)** તુષ્ટિગુણ (C) અવેજીદર (D) વપરાશ

(2). તુષ્ટિગુણ વિશ્લેષણનો ખ્યાલ કયા અર્થશાસ્ત્રીએ સમજાવ્યો છે.
(A) એડમસ્મિથ (B) રોબિન્સ **(C)** માર્શલ (D) કેઈન્સ

(3) વ્યક્તિની જરૂરિયાતની તીવ્રતા સાથે તુષ્ટિગુણને કેવો સંબંધ હોઈ શકે.
(A) વ્યસ્ત **(B)** હકારાત્મક (C) નકારામત્મક (D) A અને C

(4) માનવીની જરૂરિયાતો સંતોષવાના સાધનો કેવા છે.
**(A)** મર્યાદિત (B) અમર્યાદિત (C) બરાબર (D) અસ્થિર

(5) દારૂડિયાને દારૂમાંથી તુષ્ટિગુણ પ્રાપ્ત થતો નથી.
(A) સાચું **(B)** ખોટું (C) અનિર્ણિત (D) એકપણ નહિ

(6) તંદુરસ્ત વ્યક્તિને દવામાંથી તુષ્ટિગુણ મળતો નથી.
**(A)** સાચું (B) ખોટું (C) અનિર્ણિત (D) એકપણ નહિ

Scanned with CamScanner

(7) નીચેનામાંથી શું બદલાય તો તુષ્ટિગુણ બદલાય છે.
(A) સમય (B) સ્થળ (C) સ્વરૂપ <u>(D)</u> ઉપરના તમામ

(8) વસ્તુની વપરાશ સાથે તુષ્ટિગુણને કેવો સંબંધ છે.
(A) સીધો (B) નકારાત્મક (C) વ્યસ્ત <u>(D)</u> <u>B</u> અને <u>C</u>

(9) દરેક એકમમાંથી પ્રાપ્ત થતા તુષ્ટિગુણના સરવાળાને શું કહેવાય.
(A) તુષ્ટિગુણ (B) સી. તુષ્ટિગુણ
(C) સમ સી.તુ.ગુ. <u>(D)</u> કુલ તુ.ગુ.

(10) વસ્તુની વપરાશમાં એક એકમનો વધારો કરવાથી તુષ્ટિગુણમાં જે ફેરફાર થાય તેને શું કહેવાય.
(A) તુષ્ટિગુણ <u>(B)</u> સી.તુ.ગુણ (C) સમ સી.તુ.ગુ. (D) કુલ તુ.ગુ.

(11) ગ્રાહકને મળતા મહતમ સંતોષની સપાટી એટલે કેવી સ્થિતિ કહેવાય.
(A) અસમતુલા (B) અસ્થિરતા <u>(C)</u> સમતુલા (D) નકારાત્મક

(12) તુષ્ટિગુણ વસ્તુની જરૂરિયાતની કઈ બાબત પર આધાર રાખે છે.
(A) આવક (B) ખર્ચ (C) A અને B <u>(D)</u> તીવ્રતા

(13) સીગારેટ પીનાર વ્યક્તિને સીગારેટમાંથી તુષ્ટિગુણ પ્રાપ્ત થાય છે.
<u>(A)</u> સાચું (B) ખોટું (C) અનિર્ણિત (D) એકપણ નહિ

(14) તુષ્ટિગુણનો ખ્યાલ એ કેવો ખ્યાલ છે.
(A) આર્થિક (B) સામાજિક (C) રાજકીય <u>(D)</u> માનસિક

(15) નીચેનામાંથી વ્યક્તિની જરૂરિયાતની તીવ્રતાને આધાર કઈ બાબત પર હોઈ શકે.
(A) ગ્રાહકની રૂચિ (B) ગ્રાહકની આવક
(C) વસ્તુના ભાવ <u>(D)</u> ઉપરના તમામ

(16) તુષ્ટિગુણ ખ્યાલના પ્રયોજક પ્રો.હિક્સ અને એલન હતા.
(A) સાચું <u>(B)</u> ખોટું (C) અનિર્ણિત (D) એકપણ નહિ

(17) વસ્તુની માંગ સાથે તુષ્ટિગુણને કેવો સંબંધ હોઈ શકે.
(A) સીધો (B) વ્યસ્ત (C) ઊલટો <u>(D)</u> <u>B</u> અને <u>C</u>

(18) તટસ્થ રેખાની શરૂઆત સૌપ્રથમ 1881 માં કયા અર્થશાસ્ત્રી દ્વારા કરવામાં આવી હતી.
(A) પ્રો. એજવર્થ (B) હિક્સ (C) માર્શલ (D) પેરેટો

(19) 1930 પછી તટસ્થ રેખાને વૈજ્ઞાનિક રીતે વિકસાવવામાં મહત્વનો ફાળો કયા અર્થશાસ્ત્રીનો છે.
(A) પ્રો. એજવર્થ <u>(B)</u> હિકસ અને એલન
(C) પીગુ (D) કેઈન્સ

(20) તટસ્થ રેખા પરના સંયોજનો સરખો સંતોષ આપતા નથી.
(A) સાચું <u>(B)</u> ખોટું (C) અનિર્ણિત (D) એકપણ નહિ

Scanned with CamScanner

(21) ગ્રાહકની પસંદગી કઈ રેખા દ્વારા વ્યક્ત થાય છે.
(A) સ્થિર ખર્ચ રેખા (B) માંગ રેખા
(C) તટસ્થ રેખા (D) કિંમતરેખા

(22) તટસ્થ રેખાનો આકાર હંમેશા કેવો હોય છે.
(A) સીધી રેખા (B) બહિર્ગોળ
(C) આડીરેખા (D) એકપણ નહિ

(23) તટસ્થ રેખાઓ એકબીજાને છેદતી નથી.
(A) ખોટું (B) સાચું (C) અસત્ય (D) અનિર્ણિત

(24) તટસ્થ રેખામાં નીચેનામાંથી કઈ બાબત મહત્વની છે.
(A) તુષ્ટિગુણ (B) વસ્તુની માંગ
(C) સીમાન્તની અવેજીદર (D) વ્યક્તિની ટેવ

(25) પ્રો.માર્શલે તટસ્થ રેખાનો ખ્યાલ સમજાવ્યો છે.
(A) ખોટું (B) સાચું (C) અનિર્ણિત (D) એકપણ નહિ

## યુનિટ - ૪

(1) માંગની મૂલ્યસાપેક્ષતાના કુલ પ્રકાર કેટલા છે ?
(A) ચાર (B) ત્રણ (C) બે (D) પાંચ

(2) સપ્રમાણ મૂલ્ય સાપેક્ષ માંગમાં માંગની મૂલ્ય સાપેક્ષતા કેટલી આવે.
(A) શૂન્ય (B) એક (C) એક થી વધારે (D) એકથી ઓછી

(3) કિંમતમાં ફેરફાર થાય અને માંગ ફેરફાર ના થાય તેને કઈ મૂ.સા.માંગ કહેવાય ?
(A) સંપૂર્ણ મૂ.સા. માંગ (B) સંપૂર્ણ મૂ. અનપેક્ષ
(C) સપ્રમાણ મૂ.સા. (D) એકપણ નહિ

(4) કિંમતમાં ફેરફાર ના થાય અને માંગમાં ફેરફાર થાય તેને કઈ મૂ.સા. માંગ કહેવાય ?
(A) સંપૂર્ણ મૂ.સા. (B) સંપૂર્ણ મૂ. અનપેક્ષ
(C) સપ્રમાણ મૂ.સા. (D) ઉપરના તમામ

(5) કિંમત કરતાં માંગમાં વધુ ફેરફાર થાય તેને કઈ મૂ.સી. માંગ કહેવાય ?
(A) સંપૂર્ણ મૂ.સા. (B) સંપૂર્ણ મૂ. અનપેક્ષ
(C) મૂ.સા. માંગ (D) મૂ. અનપેક્ષ માંગ

(6) મૂલ્ય સાપેક્ષ માંગમાં માંગની મૂલ્ય સાપેક્ષતા કેટલી હોય છે ?
(A) એક (B) એકથી વધારે
(C) એકથી ઓછી (D) શૂન્ય

(7) મૂલ્ય અનપેક્ષ માંગમાં માંગની મૂલ્ય સાપેક્ષતા કેટલી હોય છે ?
(A) એક (B) એકથી વધારે
(C) એકથી ઓછી (D) શૂન્ય

Scanned with CamScanner

(8) સંપૂર્ણ મૂ.સા. માંગમાં માંગની મૂલ્ય સાપેક્ષતા કેટલી આવે છે.

(A) અમાપ (B) શૂન્ય (C) શૂન્યથી વધારે (D) એક

(9) સંપૂર્ણ મૂ. અનપેક્ષ માંગમાં માંગની મૂલ્ય સાપેક્ષતા કેટલી આવે.

(A) અમાપ (B) શૂન્ય (C) શૂન્યથી વધારે (D) એક

(10) મૂ.સા. માંગમાં કિંમત અને માંગમાં થતો ફેરફાર સીધો હોય છે.

(A) સાચું (B) ખોટું (C) અનિશ્ચિત (D) એકપણ નહિ

(11) નીચેનામાંથી કયું પરિબળ માંગની મૂ.સા.ને અસર કરે છે.

(A) અવેજી વસ્તુઓ (B) રિવાજી વસ્તુઓ

(C) વ્યસની વસ્તુઓ (D) ઉપરના તમામ

(12) નીચેનામાંથી શું બદલાય તો માંગની મૂલ્ય સાપેક્ષતા બદલાતી હોય છે.

(A) આવક (B) ભાવ (C) A અને B (D) એકપણ નહિ

(13) અવેજી વસ્તુઓમા માંગની મૂ.સા. કેવી હોય છે.

(A) મૂલ્ય સાપેક્ષ માંગ (B) મૂ.અનપેક્ષ માંગ

(C) સપ્રમાણ (D) એકપણ નહિ

(14) જીવન જરૂરી વસ્તુઓમાં માંગની મૂલ્ય સાપેક્ષતા કેવી હોય છે ?

(A) સંપૂર્ણ મૂ. સાપેક્ષ (B) મૂલ્ય અનપેક્ષ

(C) મૂલ્ય સાપેક્ષ (D) ઉપરના તમામ

(15) કિંમત અને માંગમાં થતો ફેરફાર સરખો હોય તેને કેવી મૂ.સા. માંગ કહેવાય ?

(A) સપ્રમાણ મૂ.સા.માંગ (B) એકમ મૂ.સા.માંગ

(C) A અને B (D) એકપણ નહિ

(16) રીવાજી વસ્તુઓમાં માંગની મૂ.સા. કેવી હોય છે ?

(A) મૂ.સા. માંગ (B) મૂ. અનપેક્ષ માંગ

(C) સપ્રમાણ મૂ.સા.માંગ (D) ઉપરનાં તમામ

(17) છત્રીની માંગ ચોમાસામા મૂ.સા. હોય છે પણ ઉનાળામાં કેવી હોય છે ?

(A) મૂલ્ય અનપેક્ષ (B) મૂ.સા.માંગ

(C) એકમ મૂ.સા. માંગ (D) B અને C

(18) ટકાઉ વસ્તુઓમાં માંગની મૂલ્ય સાપેક્ષતા કેવી હોય છે ?

(A) મૂલ્ય અનપેક્ષ (B) એકમ મૂ.સા. માંગ

(C) સપ્રમાણ મૂ.સા. માંગ (D) મૂ.સા. માંગ

(19) ઘણી વખત કિંમત અને માંગમાં થતો ફેરફાર સરખો હોઈ શકે.

(A) ખોટું (B) સાચું (C) અસત્ય (D) એકપણ નહિ

(20) માંગની મૂ.સા. એટલે કિંમત અને માંગ વચ્ચે પ્રમાણાત્મક સંબંધ

(A) ખોટું (B) સાચું (C) અસત્ય (D) A અને C

(21) નીચેનામાંથી કોને માંગની મૂ. સાપેક્ષતામાંથી માર્ગદર્શન મળી રહે છે.

Scanned with CamScanner

(A) ગ્રાહકો (B) ઉત્પાદકો
(C) સરકાર **<u>(D) ઉપરના તમામ</u>**

(22) કરવેરાનીતિ અને ભાવનીતિમાં માંગની મૂ.સા.નો ખ્યાલ ઉપયોગી કહેવાય.

**<u>(A) સાચું</u>** (B) અસત્ય (C) અનિશ્ચિત (D) એકપણ નહિ

(23) કિંમતમાં 50 ટકા ફેરફાર થાય અને માંગમાં 50 ટકા ફેરફાર થાય તો માગંની મૂલ્ય સાપેક્ષતા કેટલી આવે.

(A) એકથી ઓછી (B) એકથી વધારે
(C) A અને B **<u>(D) એક</u>**

(24) માંગમાં 100 ટકા ફેરફાર થાય અને કિંમતમાં શૂન્ય ટકા ફેરફાર થાય તો માંગની મૂલ્ય સાપેક્ષતા કેટલી આવે.

(A) એકથી ઓછી (B) એક
**<u>(C) અમાપ</u>** (D) શૂન્ય

(25) નીચેનામાંથી માંગની મૂલ્ય સાપેક્ષતા શોધવાનું સૂત્ર કયું.

(A) $\dfrac{\text{કિંમતમાં થતો \% ફેરફાર}}{\text{માંગમાં થતો \% ફેરફાર}}$

**<u>(B)</u>** $\dfrac{\text{માંગમાં થતો \% ફેરફાર}}{\text{કિંમતમાં થતો \% ફેરફાર}}$

(C) કિંમત ફેરફાર + માંગ ફેરફાર

(D) કિંમત ફેરફાર × માંગ ફેરફાર

Scanned with CamScanner

B. A Sem – 1

Economics (એકમલક્ષી અર્થશાસ્ત્ર)

C.C. – 101

MCQ

1. અર્થશાસ્ત્ર કઈ ભાષા પરથી ઉતરી આવેલો શબ્દ છે - સંસ્કૃત
2. ઇકોનોમિક્સ કઈ ભાષા પરથી ઉતરી આવેલો શબ્દ છે ગ્રીક
3. અર્થશાસ્ત્ર ની સંપત્તિ લક્ષી વ્યાખ્યા કોણે આપેલી છે – એડમ સ્મિથ
4. પ્રો. માર્શલ એ કયા પરિબળને ધ્યાનમાં રાખીને વ્યાખ્યા આપેલી છે – કલ્યાણ
5. અર્થશાસ્ત્ર ની અછતલક્ષી વ્યાખ્યા કયા અર્થશાસ્ત્રી આપેલી છે – પ્રો. રોબિન્સ
6. ઉત્પાદન ના સાધનો કેવા ઉપયોગ ધરાવે છે - વૈકલ્પિક
7. માનવીની જરૂરિયાતો ________ હોય છે – અમર્યાદિત
8. ઉત્પાદન ના સાધનો હંમેશા કેવા હોય છે - મર્યાદિત

Scanned with CamScanner

9. ઉત્પાદન પદ્ધતિ કેટલા પ્રકારની છે અને કઈ કઈ – બે , મૂડી પ્રચુર અને શ્રમ પ્રચૂર

10. કયા અર્થશાસ્ત્રી એ પસંદગી અને વહેંચણી ની વ્યાખ્યા આપેલી છે – સેમ્યુઅલસન

11. અર્થશાસ્ત્ર વાસ્તવલક્ષી વિજ્ઞાન છે પરંતુ આદર્શ લગતી વિજ્ઞાન નથી એ વિધાન કોનું છે – પ્રો. રોબિન્સ

12. Wealth of nation – પુસ્તક કોનું છે -પ્રો. એડમ સ્મિથ

13. અર્થશાસ્ત્રના પિતા તરીકે કયા અર્થશાસ્ત્રી ઓળખાય છે- એડમ સ્મિથ

14. Principle of economics એ પુસ્તક કોનું છે-પ્રો. માર્શલ

15. પેઢી ની સમતુલા કયું અર્થશાસ્ત્ર સમજાવે છે - એકમ લક્ષી અર્થશાસ્ત્ર

16. કયું અર્થશાસ્ત્ર તમામ એકમો નો અભ્યાસ કરે છે - સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર

17. કઈ પદ્ધતિમાં નિર્ણયો સ્વતંત્ર રીતે લેવાય છે - મૂડીવાદી

Scanned with CamScanner

18. કેઈ પદ્ધતિમાં નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવે છે સમાજવાદી

19. સમાજવાદી પદ્ધતિ નો મુખ્ય હેતુ કયો છે - સામાજિક કલ્યાણ

20. મૂડીવાદી પદ્ધતિ નો મુખ્ય હેતુ કયો છે-મહત્તમ નફો

21. મિશ્ર અર્થતંત્ર માં કઈ બે પદ્ધતિનું મિશ્રણ છે- મૂડીવાદી અને સમાજવાદી

22. ખાનગી ક્ષેત્રમાં નિર્ણય કોના દ્વારા લેવાય છે - ખાનગી ઉત્પાદકો દ્વારા

23. જાહેર ક્ષેત્રના નિર્ણયો કોણ લે છે – સરકાર

24. માંગ રેખા નો ઢાળ કેવો હોય છે – ઋણઢાળ

25. પુરવઠા રેખા નો ઢાળ કેવો હોય છે – ધનઢાળ

26. માંગ રેખા અને પુરવઠા રેખા એકબીજાને છેદે ત્યાં શું નક્કી થાય છે - કિંમત અને ઉત્પાદન

27. અન્ય પરિબળો યથાવત રહે તો માગ અને કિંમત વચ્ચે વ્યસ્ત સંબંધ છે આ વિધાન સાચું કે ખોટું – ખોટું

Scanned with CamScanner

28. માંગ નો નિયમ શું સમજાવે છે - કિંમત અને માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ

29. એક વસ્તુ વાપરવા માટે બીજી વસ્તુની આવશ્યકતા હોય તેને______વસ્તુ કહે છે – પૂરક વસ્તુ

30. કિંમત માં ફેરફાર થતા માગમાં ફેરફાર થાય તેને શું કહે છે – માંગ માં વિસ્તરણ - સંકોચન

31. માંગમાં વિસ્તરણ સંકોચનમાં માંગ રેખા કેટલી હોય છે – માત્ર એક જ

32. એક જ માંગ રેખાના મધ્યબિંદુ થી જમણી તરફની ગતિ ને શું કહેવાય - વિસ્તરણ

33. અને પરિબળો માં ફેરફાર થતાં માંગમાં ફેરફાર થાય તેને શું કહેવાય - માંગમાં વધારો ઘટાડો

34. માંગમાં વધારો ઘટાડો થતાં કેટલી માંગ રેખા જોવા મળે છે - એક કરતાં વધારે

35. કિંમત માં ફેરફાર થતાં પુરવઠા માં ફેરફાર થાય તેને શું કહેવાય – પુરવઠામાં વિસ્તરણ સંકોચન

Scanned with CamScanner

36. એક જ પુરવઠા રેખાને જમણી બાજુ ગતિ ને શું કહેવાય - પુરવઠામાં વિસ્તરણ

37. વસ્તુની કિંમત અને પુરવઠા વચ્ચે કેવો સંબંધ છે – સીધો સંબંધ

38. હલકા પ્રકારની વસ્તુઓ કયા નામે ઓળખાય છે - ગીફન વસ્તુઓ

39. પુરક વસ્તુઓ કેવી હોય છે – જોડાયેલી

40. માંગનો નિયમ કોણે આપ્યો - પ્રો. માર્શેલ

41. વસ્તુની કિંમત ખૂબ જ ઊંચી હોય તો ધનિક વર્ગ દ્વારા થતી કિમતી વસ્તુઓની માંગ કેવી હોય છે- વધારે

42. શું ઘટે તો નફો ઘટવાથી પુરવઠો ઘટે છે – કિંમત

43. ભવિષ્યમાં ભાવો વધવાની શક્યતા હોય તો વર્તમાન સમયમાં પુરવઠામાં કેવા ફેરફાર થાય છે પુરવઠો વધે છે.

44. તુષ્ટિગુણ વિશ્લેષણમાં નાણાં નો તુષ્ટિગુણ_____ રહે છે.- સ્થિર

Scanned with CamScanner

45. તુષ્ટિગુણ વિશ્લેષણ નો ખ્યાલ કયા અર્થશાસ્ત્રી એ આપેલો છે – પ્રો. માર્શલ

46. કુલ તુષ્ટિ ગુણ મહત્તમ બને તો સીમાંત તુષ્ટિ ગુણ કેવો હોય છે – શૂન્ય

47. કુલ તુષ્ટિ ગુણ ઘટે ત્યારે સીમાંત તુષ્ટીગુણ નું વલણ કેવું હોય છે – સીમાંત તુષ્ટીગુણ નકારાત્મક બને.

48. માર્શલ નું વિશ્લેષણ કયા પ્રકારનું વિશ્લેષણ છે - પ્રમાણ લક્ષી વિશ્લેષણ

49. તટસ્થ રેખા કયા નામે ઓળખાય છે - સંતૃપ્તિ રેખા

50. સીમાત અવેજી નો દર ____ છે – ઘટે

51. તટસ્થરેખા નો ઢાળ ______ હોય છે – ઋણ

52. સરખો સંતોષ આપતી બે વસ્તુઓના વિવિધ સંયોજનોને જોડતી રેખા ને શું કહેવાય છે – તટસ્થરેખા

53. તટસ્થરેખા પરના પ્રત્યેક સંયોજન_____ સંતોષ આપે છે -સમાન

54. તટસ્થરેખા મૂળમાંથી જોતા ____હોય છે – બહિર્ગોળ

Scanned with CamScanner

55. ઉપરની તટસ્થરેખા નીચેની તટસ્થ રેખા કરતા____ સંતોષ આપે છે – વધારે

56. પૂરક વસ્તુઓની તટસ્થ રેખા____ હોય છે . - કાટકોણ આકારની

57. અવેજી વસ્તુઓની તટસ્થ રેખા ____હોય છે ?.- ઋણ ઢાળ વાળી સીધી

58. તટસ્થરેખા નો ખ્યાલ કોણે આપેલો છે - હિક્સ અને એલને

59. તટસ્થ રેખા ના સમૂહ ને _____ કહે છે- તટસ્થરેખા નો નકશો

60. આવક અસરમાં વ્યક્તિની કઈ આવકમાં વધારો થાય છે? - વાસ્તવિક આવક.

Scanned with CamScanner